# શિશુવિહાર

પ્રથમ અંક : મે ૧૯૪૪ સદ્‌વિચારને આચરણમાં મૂકતી સંસ્થાનું સમાચાર પત્ર

સળંગ અંક : ૯૫૧ • ૧૫ ઓગસ્ટ ૨૦૨૪ • પાનાં : ૨૪ • વાર્ષિક લવાજમ રૂ.૫૦


## શિશુવિહારના આંગણે નિવાસી તાલીમકેન્દ્રની સુવિધા




શિશુવિહાર સંસ્થાની સ્થાપનાથી લઇ સતત ૮૪ વર્ષ સુધી અવૈધિક તાલીમ સાથે નવી પેઢીને જોડી રાખનાર સંસ્થાનાં જીવનશિક્ષણના પ્રયોગો આજે સમગ્ર ગુજરાતમાં પ્રચલિત બન્યા છે. સંસ્થાના કાર્યકરોને જૂનાગઢ, અમરેલી, પાટણ, રાજકોટ તેમજ રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી શિક્ષક તાલીમ માટે નિમંત્રણ મળે છે. આથી સંસ્થા પરિસરમાં ૧૮-૨૦ તાલીમાર્થીઓની નિવાસી સુવિધા અનિવાર્ય બનતા 'સમસારા ઈન્ટર નેશનલન ગ્રુપના' સહકારથી તાલીમકેન્દ્રની સુવિધા પરિપૂર્ણ થઇ છે.

શિશુવિહારનાં પૂર્વ વિદ્યાર્થી અને સમસારા ગૃપમાં સી.ઇ.ઓ. શ્રી મુકેશભાઇ ઓઝા પરીવારની સહાયથી સંપન્ન થયેલ ભવનનું લોકાર્પણ તારીખ ૧૬ જૂને સ્વામીશ્રી નિખિલેશ્વરાનંદજીના વરદ હસ્તે થયું. આ પ્રસંગે ડૉ.નલિનભાઈ પંડિત, શ્રી હિનાબહેન ઓઝાની વિશેષ ઉપસ્થિતિમાં શ્રી







મુકેશભાઇ ઓઝાનું નાગરિક અભિવાદન યોજાયું. ૩૫૦થી વધુ સંખ્યામાં ઉપસ્થિત શિક્ષકો તથા શહેર ક્રિડાંગણનાં સંચાલકો અને રામકૃષ્ણ આશ્રમનાં ભક્તજનોની પ્રેરક ઉપસ્થિતિએ પ્રસંગની સુવાસ વિસ્તારી હતી.

## રામકૃષ્ણ મિશનના અધ્યક્ષ સ્વામી શ્રી નિખિલેશ્વરાનંદજી દ્વારા શિક્ષકોને સંબોધન....

ભાવનગરની સેવાભાવી સંસ્થા શિશુવિહારના ઉપક્રમે સતત ૧૪મા વરસે ૧૭૦૦ ગરીબ વિદ્યાર્થીઓને સ્કૂલકીટનું વિતરણ કરાયું છે.શિક્ષકોના સામાજિક ઉત્તરદાયિત્વ કાર્યક્રમ અંતર્ગત દાતા શ્રી મુકેશભાઇ ઓઝા પરિવારના આર્થિક સહયોગથી નગરપાલિકાના શાળા શિક્ષકો દ્વારા પસંદ કરેલ જરૂરિયાતમંદ ૧૭૦૦ બાળકોને પ્રાથમિક રીતે સાધન સહાય પહોંચાડવામાં આવી છે.

આ ઉપક્રમે તા. ૧૬ જુલાઈ મંગળવારે રામકૃષ્ણ આશ્રમ રાજકોટના સ્વામી શ્રી નિખિલેશ્વરાનંદજી મહારાજ તથા દાતાશ્રી મુકેશભાઇ ઓઝાની ઉપસ્થિતિમાં યોજાએલ સમારોહમાં નગરપાલિકાની પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે શિશુવિહાર દ્વારા સતત ૧૬માં વર્ષે બાળ પુસ્તકાલય અંતર્ગત ૧૦૦-૧૦૦ પુસ્તકોનો સેટ વિતરણ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે શિક્ષણ સમિતિના નવનિયુક્ત ચેરમેન શ્રી નિકુંજભાઇ મહેતા, વાઇસ


તંત્રી, પ્રકાશક, મુદ્રકઃ ડૉ. નાનકભાઇ ભટ્ટ




❀ પ્રકાશન સ્થળ ❀

શિશુવિહાર, પ્લોટ નંબર ૫૦૭, ઉત્તર કૃષ્ણનગર, ભાવનગર, ૩૬૪૦૦૧

Website: www.shishuvihar.in Email: shishuviharbhavnagar@gmail.com

Facebook: Shishuvihar Bhavnagar Mobile : 7043332100, 9574915736




ચેરમેન શ્રી જાગૃતિબહેન ગાંધી તથા નગર પાલિકાની શિક્ષણ સમિતિના નવ નિયુક્ત સભ્યશ્રીનું અભિવાદન મંચસ્થ મહાનુભાવોના વરદ હસ્તે થયું.જ્યોતિર્ધર શિક્ષક તેવા પ્રબુદ્ધ વિચારો આપનાર સ્વામી શ્રી






નિખિલેશ્વરાનંદજીએ શ્રી માનભાઈ ભટ્ટ સ્મારક વ્યાખ્યાન અંતર્ગત શિક્ષકોને તથા ભાવનગરમાં ચાલતા ક્રીડાંગણના સંચાલકોને ઉદ્બોધન કર્યુ હતું. શિક્ષણવિદ ડૉક્ટર નલિનભાઈ પંડિતની વિશેષ ઉપસ્થિતિમાં યોજાનાર કાર્યક્રમનું સંચાલન શ્રી સાગરભાઈ દવે એ કર્યુ હતું.







## શિશુવિહારની નિયમિત પ્રવૃત્તિઓ

### બાળ શિક્ષણ
### શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિર



જન્મદિવસની ઉજવણી



વાલીસભા

• શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિરમાં જુલાઈ માસ દરમિયાન બાળકોની કુલ સંખ્યા ૬૦ રહી હતી. જેમાં ૫ બાળકોના જન્મદિવસ વાલીની હાજરીમાં ઉજવાયા હતા. બાળકોમાં સમુહ ભાવના કેળવવાના હેતુથી બાળવાર્તા, બાળફિલ્મ, સર્જનશક્તિ પ્રમાણે નમુના તૈયાર કરવા. શ્રમયજ્ઞ યોજવામાં આવેલ. બાળવયથી જ વૈજ્ઞાનિક અભિગમ કેળવવાના હેતુસર ગુંજતો ભમરો, ડૂબતી વસ્તુ જેવા પ્રયોગ કરી બાળકોને બતાવેલ. માસ દરમિયાન વિવિધ અનાજ,કઠોળનું પ્રદર્શન યોજેલ. તારીખ ૧૮ના રોજ વાલીસભા યોજેલ. જેમાં વાલીઓની સંખ્યા ૬૦ અને બાળકોની સંખ્યા ૫૦ રહી હતી.શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિરના ઉપક્રમે તા.૧૫ જુલાઈથી ૮૧મો અનુભવ તાલીમવર્ગ શરૂ થયો છે. માસ દરમિયાન પ્રીતિબહેન ભટ્ટ દ્વારા મોન્ટેસરીમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણની સમજ અને હસ્ત ઉદ્યોગમાં આકૃતિમાં લીટી કરવી, આકૃતિમાં રંગ પૂરણી, બાળશિક્ષણમાં બાલમંદિરનું બાહ્ય વાતાવરણ અને આંતરિત વાતાવરણ તેમજ ગણિત ભાષામાં અંકતકતા, રેતિયા અંક ૦ થી ૯, સંગીતમાં સંગીતનું મહત્વ વિષયે તાલીમ પ્રારંભાઈ છે. જેમાં ૩ વિદ્યાર્થિની જોડાઈ છે.

માસ દરમિયાન મધુસૂદનભાઈ ભટ્ટ પ્રવીણચંદ્ર ચંદારાણા, શ્રી ભરતભાઈ પંડયા, શ્રી સરૂપબહેન ધ્રુવ, મનોજભાઈ જોષી, કમલેશભાઈ મોદી, પ્રફૂલ્લભાઈ પોપટ, જયંતભાઈ ભટ્ટ, સ્વ.તારાબહેન વડોદરીયા, અશોકભાઈ વાસા, પ્રવીણચંદ્ર બુચ તરફથી બાળકોને ભોજન અને ૧૨ દાતાશ્રી તરફથી બાળકોને નાસ્તો આપવામાં આવેલ. તમામ દાતાશ્રીનો સંસ્થા આભાર વ્યક્ત કરે છે.

**સંચાલક : શ્રી અંકિતાબહેન ભટ્ટ**





શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિરના બાળકો માટે ચોમાસાની ઋતુને લક્ષમાં રાખી તા.૨૯ એ શ્રમયજ્ઞ યોજાઇ ગયો. બાલમંદિરનાં આચાર્યશ્રી અંકિતાબહેનનાં માર્ગદર્શનમાં યોજાએલ કાર્યક્રમમાં ૬૩ બાળકો જોડાયાં હતાં.

સૌજન્ય: ફૂલછાબ:રાજકોટ

## આરોગ્ય

## ૪૯૦ તથા ૪૯૧ મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ







•શિશુવિહાર સંસ્થામાં યોજાયેલ નેત્રયજ્ઞ દ્વારા ૮૧ જરૂરિયાતમંદ દર્દીઓને વિના મૂલ્યે નેત્ર સારવાર અપાઇ. સ્વ.શ્રી કનુભાઇ શાહની સ્મૃતિમાં ૪૯૦મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ શિશુવિહાર સંસ્થામાં યોજાયો, તેમજ સ્વ.નંદલાલ મણિશંકર પંડ્યા ચે.ટ્રસ્ટની સ્મૃતિમાં ૪૯૧મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ તારીખ ૨૬ જુલાઇના રોજ શિશુવિહાર પ્રાંગણમાં યોજાયો. ગુજરાત અંધત્વ નિવારણ સોસાયટી તથા શિવાનંદ આઇ હોસ્પિટલના સહયોગથી યોજાયેલ પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં ૮૧ દર્દીઓની આંખ તપાસ ડૉ.શ્રી ચંદ્રકાન્તાબહેન દ્વારા કરવામાં આવી. જે તમામને શિશુવિહાર પરિસરમાં ડૉ.મીનાક્ષીબહેન ભરતભાઇ ગરીવાલા ભોજનાલયમાં સવારે ચા-નાસ્તો તથા બપોરે ભોજન બાદ જરૂરિયાતમંદ ૩૧ દર્દીઓને કેટ્રેક સર્જરી માટે સાથોસાથ દર્દીઓના ૧૪ સહાયકોને ખાસ બસમાં વીરનગર લઇ જવામાં આવ્યા.








'દર્દી દેવોભવની' ભાવનાથી વર્ષ ૧૯૬૮થી ચાલતા પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં શિશુવિહાર સંસ્થાના તમામ કાર્યકરોએ સેવા આપી હતી. આ ઉપક્રમે શ્રી પરીખ ફાઉન્ડેશન(મુંબઇ)દ્વારા મળેલ બસમાં દર્દીઓને વીરનગરથી પરત લાવનાર શ્રી કમલેશભાઇ વેગડ અને બુધાભાઇની સેવા નોંધનીય રહી હતી.

**સંચાલક : શ્રી રાજુભાઇ મકવાણા**

## ભાલ વિસ્તારનાં ગામડાંઓ માટે આરોગ્ય શિબિર





• શિશુવિહાર સંસ્થાની આરોગ્ય પ્રવૃત્તિ અંતર્ગત નિરમા લિમિટેડનાં સૌજન્યથી તા.૨૫ જૂલાઇ ૨૦૨૪નાં રોજ ભાલ વિસ્તારનાં ગણેશગઢ ગામ ખાતે આરોગ્ય શિબિર યોજવામાં આવેલ, જેમાં ૨૪૩ ગ્રામજનોની આરોગ્ય તપાસ તથા ચશ્મા વિતરણ કરવામાં આવેલ. આ પ્રસંગે શાળાનાં બાળકોની લોહીમાં હિમોગ્લોબીન તપાસ કરી જરૂરિયાતમંદ દર્દીનારાયણોને દવા તથા ચશ્મા વિતરણ કરવામાં આવેલ. શિશુવિહાર પુસ્તકાલય દ્વારા શાળાને ૭૫ પુસ્તકો તથા બાલ આરોગ્યસૂત્ર ભેટ સ્વરૂપે આપવામાં આવેલ. આ કાર્યક્રમ શિશુવિહારની આરોગ્ય ટીમનાં ડૉ.અરવિંદભાઇ ત્રિવેદી,ડૉ.અભિલાષાબહેન સોનપાલ,ડૉ.નમ્રતાબહેન ઢાપા, શ્રી અંકિતાબહેન ભટ્ટ, શ્રી રેખાબહેન ભટ્ટ, શ્રી કમલેશભાઇ વેગડ, શ્રી નિર્મોહીબહેન ભટ્ટ તથા નિરમા મેડિકલ ડિપાર્ટમેન્ટના સિનિયર આસિસ્ટન્ટ શ્રી મુકેશભાઇ ગોહેલ, ગામનાં સરપંચ







શ્રી નાથાભાઈ તથા આચાર્ય શ્રી હિરેનભાઈ ઉપસ્થિત રહયાં હતાં. આ કાર્યક્રમનું સંકલન શિશુવિહાર સંસ્થાની આરોગ્ય પ્રવૃત્તિના સંચાલક શ્રી રાજુભાઈ મકવાણાએ કર્યુ હતું.

**સંચાલક : શ્રી રાજુભાઈ મકવાણા**

## નિરમા લિમિટેડના સૌજન્યથી બાળકોને પોષક આહાર



• જૂલાઈ માસમાં ભાવનગરમાં જીલ્લા આઈ.સી.ડી.એસ. વિભાગ સંચાલિત આંગણવાડી પૈકી ભાલ પંથકની ૯ આંગણવાડીનાં કુપોષિત બાળકોને પાંચ તબક્કામાં આંગણવાડી કાર્યકરના સહકારથી કુલ ૪૬,૪૪૦ પેકેટ પોષક ખોરાક પહોંચાડવામાં આવ્યો છે છેલ્લા ૧૮૦ દિવસથી ચાલતા કાર્યક્રમ થકી બાળકોનાં માનસિક અને શારીરિક વિકાસમાં ફેરફાર જોવા મળ્યો છે. નિરમા લીમિટેડના સહકારથી ગરીબ બાળકોને મજબૂત બનાવવાની પહેલ ભાવનગર જીલ્લા અને અન્ય ઉદ્યોગો માટે પણ અનુકરણીય બને છે.

**સંચાલક : શ્રી હિનાબહેન ભટ્ટ**



## જીવન શિક્ષણ (કૌશલ્ય તાલીમ)

## ક્રીડાંગણ-સ્કાઉટ તાલીમ :



• જુલાઈ માસ દરમિયાન નિયમિત રીતે આવતા તાલીમાર્થીની સંખ્યા ૩૫ રહી હતી. જેઓને આયોજન અનુસાર બેઈઝ બોલ અને વિવિધ સામુહિક રમત રમાડવામાં આવી હતી. સાયં પ્રાર્થના સમયે ક્રિશ પરમાર, રાહુલ સોલંકીનો જન્મદિવસ પ્રસાદ સ્મૃતિભેટ સાથે ઉજવાયો. તેમજ તાલીમાર્થીઓએ સમૂહમાં રહી પ્રાર્થના, ધૂન, હર્ષનાદ, ગીતો ગાયાં. ગોખલે જ્ઞાનમંદિર પુસ્તકાલય અંતર્ગત સ્કાઉટના વિદ્યાર્થીઓની નિબંધ લેખન સ્પર્ધા યોજાઈ. જેમાં વર્ષાઋતુ વિશે તાલીમાર્થીઓએ નિબંધ લખીને ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

સંસ્થાના કાર્યકર શ્રી છાયાબહેન વાઘેલાનાં જન્મદિવસ નિમિત્તે, જયોતીન્દ્રભાઈ ઓઝાના સ્મરણાર્થે (હસ્તે શ્રી માનસીબહેન દવે) દ્વારા, શ્રી પિનલભાઈના જન્મદિવસ નિમિત્તે (હસ્તે શ્રી હિનાબહેન ભટ્ટ), સ્વ.ડૉ. હર્ષદભાઈ પંડયાની ૯૪મી જન્મજયંતી નિમિત્તે, ચિ.સ્વાતીના જન્મદિવસે (હસ્તે શ્રી ઈલાબહેન સોલંકી) દ્વારા સ્કાઉટના વિદ્યાર્થીઓને પોષક આહાર આપવામાં આવેલ.

ભાવનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ તરફથી 'એક ફૌજી કે નામ' કાર્યક્રમમાં શિશુવિહારના રાજ્ય પુરસ્કાર મેળવેલ ૪ સ્કાઉટ જોડાયાં હતા. જેમાં દેશ માટે સેવા કરતાં જવાનો માટે રાખડી બનાવવામાં આવી અને સરહદ ઉપર મોકલવામાં આવેલ. વર્ષ ૨૦૨૪-૨૫ માં રાજ્ય પુરસ્કારની તૈયારી કરતાં સ્કાઉટ માટે કુકીંગ ટેસ્ટનું આયોજન કરવામાં






આવ્યું. તેમાં શિશુવિહાર સ્કાઉટ ઓપન ટ્રુપના ૪ સ્કાઉટ અને ૧૦ સ્કાઉટ રોવર્સ સ્કાઉટે કુકીંગ ટેસ્ટ આપ્યો હતો.

સંચાલક : શ્રી કમલેશભાઈ વેગડ

## શિશુવિહાર સંસ્થા-ભાવનગર

પબ્લિક ટ્રસ્ટ રજી. નં. એફ/૬, સોસાયટી રજી.નં.૫૨/ગુજરાત

### સામાન્ય સભા

શિશુવિહાર સંસ્થાનાં તમામ સભ્યોની વાર્ષિક સામાન્ય સભા આગામી તારીખ: ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૪ રવિવારે સવારે ૧૦:૦૦ કલાકે શિશુવિહારમાં યોજાશે. નીચે જણાવેલ બાબતે મળનાર સભામાં તમામ સભ્યશ્રીઓને સમયસર ઉપસ્થિત રહેવા ખાસ નિવેદન છે.

### ★ સામાન્ય સભાની કાર્યસૂચિ ★

(૧) ગત સામાન્ય સભા તા.૧૫-૧૦-૨૩ની કાર્યવાહી નોંધ વંચાણે લઈ મંજૂર કરવી. (૨) સદ્‌ગત સભ્યોને શ્રદ્ધાંજલિ આપવી. (૩) સંસ્થાનાં વર્ષ ૨૦૨૩-૨૪ના ઑડિટેડ હિસાબો મંજૂર કરવા.(૪) સંસ્થા ઑડિટરને ૧ વર્ષ માટે નિયુક્ત કરવા બાબત. (૫) પ્રમુખશ્રીની મંજૂરીથી જે કંઈ રજૂ થાય તે.

ડૉ.નાનકભાઈ ભટ્ટ
માનદ્‌મંત્રી, શિશુવિહાર

### ☞ ખાસ નોંધ ☜

૧. કોરમના અભાવે મુલતવી રહેલી સભા એ જ સ્થળે અડધા કલાક પછી ફરી મળશે.
૨. ઑડિટેડ હિસાબ જોવા ઈચ્છતા સદસ્યે તારીખ ૯/૯/૨૪થી કાર્યાલયના સમયે સાંજના ૫:૦૦થી ૭:૦૦ મંત્રીને વિનંતી કરવાથી જોઈ શકશે.



### ફિઝિયૉથેરાપી તથા ફિટનેસ સેન્ટરઃ

શ્રી શેઠ પરિવાર પ્રેરિત ફિઝિયોથેરાપી સેન્ટરમાં સવારે ૯:૦૦થી ૧:૦૦ તથા સાંજના ૪:૦૦થી ૬:૦૦ દરમિયાન શરીરનાં વિવિધ દુ:ખાવાની સારવાર આપવામાં આવે છે. ડૉ.ભાવિકાબહેન હરિયાણીનાં કન્સલ્ટેશન હેઠળ જુલાઈ માસમાં ૬૪૪ દર્દીઓએ સારવાર લીધી હતી,તેમજ ફિટનેસ સેન્ટરમાં ૨ ભાઈઓ તથા ૩ બહેન જોડાયા હતા.

સંચાલક : ડૉ.ભાવિકાબહેન હરિયાણી

### વયસ્કો માટે ૩૫૩ મી દ્રષ્ટિચકાસણી શિબિરઃ

સ્વ. શ્રી સુધાબહેન કનુભાઈ શાહ ચેરિટેબલ ટ્રસ્ટનાં સૌજન્યથી જુલાઈ માસમાં ૪ શનિવારે દ્રષ્ટિ ચકાસણી શિબિર યોજાઈ. શ્રી અંકિતાબહેન ભટ્ટે Refractometer દ્વારા ૧૧૨ વયસ્કોની આંખ તપાસ કર્યા બાદ ૯૩ વયસ્કોને ચશ્માં આપવામાં આવ્યા.

સંચાલક: શ્રી રાજુભાઈ મકવાણા

### શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટરઃ

જુલાઈ માસમાં શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટરમાં સોમવારથી શુક્રવાર સાંજના ૪થી૬ દરમિયાન એલૉપેથીની સારવારનો લાભ ૪૬૭ દર્દીઓએ લીધો હતો. મેડિકલ સેન્ટરનાં નિષ્ણાત ડૉક્ટર દ્વારા જરૂરિયાત મુજબ દર્દીઓને નિ:શુલ્ક દવાઓ આપવામાં આવી.

સંચાલક : ડૉ.અરવિંદભાઈ ત્રિવેદી

### આરોગ્યવર્ધક ઔષધિ પીણુંઃ

શ્રી નિશીથભાઈ મહેતાના સૌજન્યથી ચાલતા આરોગ્યવર્ધક ઔષધિ પરબમાં સાંજનાં ૫:૩૦ થી ૬:૩૦ દરમિયાન ઉકાળો મળે છે. શરીરની ઈમ્યુનિટી વધારવાના ઉપાય સ્વરૂપે આ સેવાનો લાભ જુલાઈ માસ દરમિયાન ૯૦૦ નાગરિકોએ લીધો.

સંચાલક : શ્રી નરસિંહભાઈ મકવાણા

### હૉમિયોપેથિક સ્વાસ્થ્ય કેન્દ્રઃ

ભાવનગરનાં સામાજિક સ્વાસ્થ્ય માટે છેલ્લાં ૨૩ વર્ષથી કાર્યન્વિત સ્વામી વિવેકાનંદ હૉમિયોપેથિક હોસ્પિટલ,ભાવનગરના ઉપક્રમે શિશુવિહાર સંસ્થામાં ચાલતા કેન્દ્રમાં ડૉ.અભિલાષા સોનપાલ તેમજ તાલીમાર્થી વિદ્યાર્થીઓની દેખભાળ સાથે દર્દીઓને સવારે ૯:૩૦થી૧૨:૩૦ તથા સાંજે ૪:૦૦ થી ૬:૦૦ નિ:શુલ્ક તપાસ,દવા આપવામાં આવે છે. હોમિયોપેથિક કેન્દ્રનો લાભ જુલાઈ માસ દરમિયાન ૨૬૨ દર્દીઓએ લીધો હતો.

સંચાલક : ડૉ.અભિલાષા સોનપાલ

## ડાયટ કાઉન્સીલિંગ સેન્ટર :

શિશુવિહાર કેન્દ્રથી કાર્યાન્વિત સ્વાસ્થ્ય સેવાઓમાં આવતા દરદીઓના માર્ગદર્શન માટે ન્યુટ્રીશ્યનિસ્ટ તરીકે સેવા આપતા શ્રી છાયાબહેન રાણીંગા દ્વારા સાંજના ૬ થી ૭ સમતોલ આહાર અંગે માર્ગદર્શન આપવામાં આવે છે. જુલાઈ માસમાં ડાયટ કાઉન્સીલિંગ સેન્ટરમાં ૭ દરદીઓને સલાહ મળેલ છે.

સંચાલક : શ્રી છાયાબહેન રાણીંગા

## શ્રી ગોખલે જ્ઞાન મંદિર પુસ્તકાલય-શિશુવિહાર :

જુલાઈ માસમાં ૨૫૦ વાચક સભ્યોએ ૧૨૫ પુસ્તકો વાચ્યાં હતાં. 'ઋતંભરા પ્રજ્ઞા',(શ્રી ઉષાબહેન ઉપાધ્યાય), 'બાળવાર્તા- ૪૦ પુસ્તકો' (શ્રી રામકૃષ્ણ મિશન),'શ્રી પ્રભાશંકર પટ્ટણી વ્યકિતત્વ દર્શન'(શ્રી પીયુષભાઈ પારાશર્ય), '૧૫૦ પુસ્તકો (રવિભાઈ પરમાર), 'આજીવન સત્યાગ્રહી વીર આત્મારામ'(મહેશભાઈ ભટ્ટ-૨૦૦ પુસ્તકો) સંસ્થાનાં પુસ્તકાલયમાં ભેટ સ્વરૂપે મળ્યા છે. જેનો સાભાર સ્વીકાર છે.

સંચાલક : શ્રી મંગળસિંહ પરમાર

## બાલદેવ વનઃ

જુલાઈ માસ દરમિયાન શ્રી તદરૂપાનંદ બાલદેવનમાં તથા ઍક્સેલ ક્રોપ કેર લિ. પ્રેરિત 'નૉલેજ પાર્ક'માં કુલ ૧૨૪૬ બાળકો પોતાનાં વાલી સાથે રમવાં આવ્યાં હતાં. આનંદવિહાર પ્રાથમિક શાળા નં-૧૦ના ૩૨૬ બાળકો બાલદેવવનમાં રમવા આવતાં તમામ બાળકોને સંસ્થા તરફથી'બાળ આરોગ્ય સૂત્ર'પુસ્તિકા ભેટ આપવામાં આવેલ.

સંચાલક : શ્રી હીનાબહેન ભટ્ટ

## ૨.વિ.ગોસળિયા ક્રિડાંગણઃ

ક્રિડાંગણમાં મુક્ત મને નિજાનંદ માણતાં બાલદેવોનું દર્શન એક લ્હાવો છે. હીંચકા,ઉંચક-નીચક,બેલેન્સી ચાલ,લસરપટ્ટી જેવાં સાધનો ઉપર બાળકો ખૂબ મજા માણે છે. જુલાઈ માસ દરમિયાન ૩૫૦૦ બાળકોએ કુદરતી વાતાવરણમાં રમી મોજ કરેલ.

સંચાલક : શ્રી કમલેશભાઈ વેગડ

## સંગીત વર્ગઃ

જુલાઈ માસ દરમિયાન સંસ્થા સંગીત વર્ગમાં ૨ તાલીમાર્થીને સુગમ તથા ફિલ્મી ગીત-સંગીતની તાલીમ આપવામાં આવેલ.

સંચાલક : શ્રી દેવુભાઈ મહેતા



## હસ્ત ઉદ્યોગ કાર્યશાળાઃ

શ્રી મીનાબહેન પ્રમોદચંદ્ર હેમાણી કૌશલ્ય તાલીમ શાળામાં પ્રત્યેક શનિવારે સાંજે ૫:૦૦થી૬:૩૦ દરમ્યાન વિદ્યાર્થીઓને જીવન શિક્ષણ તાલીમ આપવામાં આવે છે. જુલાઈ માસમાં ક્રમાંક ૨૧૦ થી ૨૧૨ મી તાલીમ અંતર્ગત વિદ્યાર્થીઓને જુવારા ઉગાડવા, પુસ્તકને પૂઠાં ચડાવવા, લેમીનેટેડ બુકમાર્ક બનાવવાની તાલીમ આપવામાં આવી હતી. જેમાં ૧૦૫ સ્કાઉટે ભાગ લીધો હતો.

સંચાલક : શ્રી પ્રીતિબહેન ભટ્ટ

## જયોતિમંડળ મહિલા સીવણ તાલીમઃ

**(ડૉ.બાબાસાહેબ આંબેડકર ઑપન યુનિવર્સિટી ડિસ્ટન્સ લર્નિંગ સેન્ટર દ્વારા માન્યતા પ્રાપ્ત)**

જુલાઈ માસ દરમિયાન સીવણ તાલીમ વર્ગમાં બહેનોની સંખ્યા ૪૦ રહી હતી. સંસ્થાના કાર્યકર શ્રી પ્રીતિબહેન ભટ્ટ દ્વારા તમામ બહેનોને કાપડમાં હોલ સ્ટીચ રીપેરીંગની તાલીમ આપવામાં આવી હતી.

સંચાલક : શ્રી ગુલાબબા ગોહિલ

## તાલીમઃ

શિશુવિહાર સંસ્થાનાં વિભાગીય સંવાહકોની બેઠક તારીખ ૫ જુલાઈ યોજાયેલ, જેમાં માસ દરમિયાનનાં નિયત કાર્યો તથા આયોજિત કાર્યો પૈકી બાકી રહેલ કાર્યોનાં મૂલ્યાંકનની સાથોસાથ સંસ્થાગત કાર્યો અંગે કાર્યકરો સાથે ચર્ચા કરવામાં આવી.

સંચાલક : શ્રી હિનાબહેન ભટ્ટ

## માંદગી સાધનસહાયઃ

માંદગીવશ હંગામી ધોરણે દર્દીઓને ઉપયોગી બનતાં સાધનો શિશુવિહાર સંસ્થામાંથી ૩૦ દિવસ માટે નિયત ડિપૉઝિટથી આપવામાં આવે છે. જુલાઈ માસ દરમિયાન સ્વ.ફૂલચંદભાઈ પી. તંબોળી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ઉપલબ્ધ સાધનોનો ૭૨ દર્દીઓએ લાભ લીધો હતો. શ્રી પંકજભાઈ ભટ્ટ (નિવૃત્ત એસ.ટી.કંડક્ટર) તરફથી પાણીનું ગાદલું ભેટ મળેલ છે.

સંચાલક : શ્રી અનિલભાઈ જોશી

## દિવ્યજીવનઃ

શિશુવિહાર દિવ્યજીવનની પ્રાર્થના માસનાં પ્રત્યેક શુક્રવારે સાંજે ૬ વાગે યોજાય છે. જેમાં જિજ્ઞાસુ સાધકો ભાગ લે છે. માસની ૨૪મીએ પૂજ્ય સ્વામી ચિદાનંદજી મહારાજની પાદુકાપૂજનનો કાર્યક્રમ યોજાયો હતો.

સંચાલક : શ્રી ઈન્દાબહેન ભટ્ટ



## સ્વ-રોજગારઃ

સંસ્થાની સ્વ-રોજગાર પ્રવૃત્તિ અંતર્ગત એક શ્રમિક બહેન દ્વારા જુલાઇ માસમાં કાપડની ૬૩૧ થેલી તૈયાર થતાં કુલ રૂ.૩૧૫૫/-ની રોજગારી મેળવેલ છે. પર્યાવરણ જાળવણી માટે પ્લાસ્ટિક વપરાશને ઘટાડવા માટેના સંસ્થાનાં પ્રયત્નોને ગતિ આપતા **અત્યાર સુધીમાં ૧,૦૮,૪૧૬ કાપડની થેલીઓ જરૂરિયાતમંદ કુટુંબો સુધી પહોંચાડવામાં આવી છે.**

સંચાલક : શ્રી ગુલાબબા ગોહિલ

## મનોરંજનઃ

બાલમંદિર અને શાળા-કૉલેજનાં વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ વિવિધ પોશાક સંસ્થાનાં મનોરંજન વિભાગમાંથી સાંજનાં ૪:૩૦થી૭:૩૦ દરમિયાન મળી શકે છે. જુલાઇ માસ દરમિયાન ૪ સંસ્થાએ મનોરંજનના પોશાકનો લાભ લીધો હતો.

સંચાલક :શ્રી હિનાબહેન ભટ્ટ

## પ્રચાર-પ્રસાર



### રૂ.૨૫૦/-પંચવર્ષીય લવાજમ ભરી સભ્ય થનારની સંખ્યા ૩ રહી હતી.

જુલાઇ માસમાં શ્રી કિરણબહેન ડી.શેઠ- રાજકોટ, શ્રી અંજલિ જનકભાઈ મહેતા- રાજકોટ, લોક સેવક સંઘ- થોરડી. વાચકોને રૂ. ૨૫૦ આપી સંસ્થા સામયિકના સભ્ય બનવા અનુરોધ છે.

સંચાલક : શ્રી અનિલભાઈ બોરીચા

## અખબાર તથા ટેલીવિઝનમાં શિશુવિહાર

રાજ્યનાં વિવિધ ૨૬ ગુજરાતી અખબારોમાં સંસ્થાની પ્રવૃત્તિઓની માર્ચ માસમાં ૧૪૭ પ્રેસનોટ પ્રકાશિત થઈ હતી. તથા ૩ ઈલેક્ટ્રોનિક મીડિયામાં પ્રકાશિત કરવામાં આવી હતી.

જુલાઈ માસમાં સંસ્થાનાં ફેસબુકનાં followersની સંખ્યા૫.૦k અને ઈન્સ્ટાગ્રામનાં followersની સંખ્યા ૬૨૬ રહી હતી.

સંચાલકઃ શ્રી અનિલભાઈ બોરીચા



## • સદ્‌ભાવભરી સ્વૈચ્છિક સહાય •

**સંસ્થા સૌનો હાર્દિક આભાર માને છે**

## • સદ્‌ભાવભરી સ્વૈચ્છિક સહાયનાં દાતાશ્રીઓ •

| | | |
|---|---|---|
| 7,32,142.00 | મરચન્ટ શિપિંગ સર્વિસીઝ પ્રા.લી. | કૌશલ્ય વિકાસ કેન્દ્ર સહાય |
| 2,75,000.00 | શ્રી રાઘવજીભાઈ જે. પટેલ | આરોગ્ય કેન્દ્ર સહાય |
| 50,000.00 | શ્રી પ્રફુલ્લભાઈ લાલચંદભાઈ શાહ | પોષક આહાર સહાય |
| 25,000.00 | શ્રી લલિતાબહેન હિંમતલાલ બગડીયા | નેત્રયજ્ઞ સહાય |
| 20,000.00 | શિશુવિહાર ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા સહાય | સર્વાંગી વિકાસ સહાય |
| 5,000.00 | શ્રી સુધાબહેન કે.શાહ ચે.ટ્રસ્ટ | દ્રષ્ટિ ચકાસણી સહાય |
| 5,000.00 | ડૉ.કૃતિબહેન યજ્ઞેશકુમાર વ્યાસ | શૈક્ષણિક સહાય |
| 5,000.00 | શ્રી ઈન્દાબહેન માનભાઈ ભટ્ટ | મહિલા ઉત્કર્ષ સહાય |
| 3,000.00 | શ્રી નિરવભાઈ શાહ | શૈક્ષણિક સહાય |

## બુધસભાઃ



• બુધસભાની ૨૨૯૪મી બેઠક છાયા પારેખના સંચાલનમાં યોજાઈ. તારીખ ૩ જુલાઈ એ બેઠકના પ્રારંભે ઉપસ્થિત કવિઓના કાવ્યપાઠ બાદ કવિતા આસ્વાદ શ્રેણી અંતર્ગત લેખક ચિંતક શ્રી સુભાષ ભટ્ટે કવિશ્રી ભગવતીકુમાર શર્માની કવિતાઓ દ્વારા કવિની સર્જક વિશેષતાઓ રજૂ કરી હતી. વક્તાશ્રીએ જણાવ્યું કે કવિ એ વ્યક્તિ નહિ, પણ અવસ્થા છે. કવિ કવિતા રચે છે એમ કવિતા પણ કવિની રચના કરે છે. અભિવ્યક્તિના અને સર્જનના

દરેક માધ્યમોમાં કલાકારે પોતાની આસપાસ એક પાવક વર્તુળનો અવકાશ સર્જવાનો હોય છે. તેઓશ્રીએ 'અમે આંધી વચ્ચે તણખલાના માણસ', ''ક્ષણોને જ હાથે ઘવાતી ક્ષણો'', ''આ ઘર,ઉંબરને ફળિયામાં'', ''હરિવર નભથી ઉતરી આવ્યાં ગાતાં મેઘ મલ્હાર'' જેવી કવિશ્રી ભગવતીકુમાર શર્માની ગઝલો અને ગીતોના આસ્વાદ દ્વારા તેમાં રહેલાં જીવન દર્શનને માર્મિક રીતે રજૂ કર્યુ હતું. આ પ્રસંગે  ૩૮ સભ્યો ઉપસ્થિત રહયાં હતા. બુધસભાની બીજી બેઠક અવસર અભિવ્યક્તિ શીર્ષક તળે ૩૦ જેટલા કવિમિત્રોની ઉપસ્થિતિમા યોજાઈ. વિવિધ પર્વ સંદર્ભે રચનાઓની સુંદર રીતે પ્રસ્તુતિ થઈ આજની સભાના સંચાલક શ્રી પરેશભાઈ ત્રિવેદી દ્વારા માસના વિવિધ ઉત્સવો અંગે માહિતી આપવામાં આવી. બુધવારની ત્રીજી બેઠક ડૉ.માનસી ત્રિવેદીના સંચાલનમાં મળી. જેમાં સર્જનની પૂર્વ ક્ષણોમાં સંવાદ અંતર્ગત ભાવનગરના જાણીતા કવયિત્રીશ્રી નેહાબહેન પુરોહિત દ્વારા પોતાના ગીત, ગઝલ, સર્જન અને અનુભવ વિશે રસપ્રદ વાતો કરી. પોતાના ગીતોને જીવનમાં રોજબરોજ બનતી ઘટનાઓ સાથે જોડી તેના આલેખનની વાત વિવિધ ઉદાહરણ, મનોભાવ દ્વારા વ્યક્ત કરી હતી. ૩૦ જેટલાં ભાવકો અને સાહિત્યપ્રેમીઓ હાજર રહયા હતા. ચોથી બેઠક

કવયિત્રી જિજ્ઞા ત્રિવેદીના સંચાલનમાં મળી હતી. જેમાં સર્જક સાથે સંવાદ અંતર્ગત જાણીતા કવયિત્રી અને જુહી મેળાના વિચારક શ્રી ડૉ.ઉષાબહેન ઉપાધ્યાય હાજર રહયા. તેમના દ્વારા તેમની કેફિયત તેના સંઘર્ષ અને સફળતા વિશે તેમનો સાહિત્ય સાથે, ભાવનગર સાથેનો નાતો જૂઈમેળા દ્વારા થતી પ્રવૃત્તિઓ, જૂઈમેળા દ્વારા કવયિત્રીઓના વિકાસ અને ઘડતર વિશે વાતો કરવામાં આવી હતી. ત્યારબાદ ડૉ.ઉષાબહેન ઉપાધ્યાયની અધ્યક્ષતામાં અમદાવાદ, વડોદરા, રાજકોટ તથા ભાવનગરના કવયિત્રીઓનું ''કવયિત્રી સંમેલન'' યોજાયું. ઉપસ્થિત કવયિત્રીઓનું શિશુવિહારે સાહિત્ય આપી સન્માન કર્યુ હતું. ૪૮ થી વધુ સાહિત્યપ્રેમીઓ અને ભાવકો ઉપસ્થિત રહયા. જુલાઈ માસની પાંચમી અને ૨૨૯૮મી બેઠક તા. ૩૧ એ શ્રી વર્ષાબહેન જાનીના સંચાલન અંતર્ગત યોજાઈ ગઈ. જેમાં શબ્દસ્થ કવિશ્રી અરુણ દેશાણીના જીવન કવન વિશે શ્રી સુનિલભાઈ પરમારે કવિશ્રીની સર્જન યાત્રા વિશે જ પ્રેરક માહિતી આપી. કવિશ્રીના પુત્ર મીતભાઈ દેશાણી તથા પરિવારના સભ્યોની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. યોગાનુયોગ આજે શબ્દસ્થ કવિશ્રી અરુણ દેશાણીની રચનાનું સ્વરાંકન કરીને નીલિમા બહેન, સુધાબહેન તથા વિરાટબહેન દ્વારા ગીત ગાઈને શાબ્દિક શ્રદ્ધાંજલિ પણ પાઠવવામાં આવી. જેમાં ૩૬ જેટલાં સભ્યોની હાજરી સાથે બુધસભા સુંદર રીતે સંપન્ન થઈ. આમ માસ દરમિયાનની પાંચ બેઠકોમાં કવિમિત્રોની સંખ્યા ૧૮૨ રહી હતી.



## શિશુવિહાર પ્રાંગણમાં યોજાયેલ વિશિષ્ટ પ્રવૃત્તિ



• અલ્ફા એકેડેમીનાં ઉપક્રમે ધોરણ ૧૦ અને ૧૨નાં વિદ્યાર્થીઓ માટેનો માર્ગદર્શન સેમીનાર તારીખ ૬ એ યોજાયો. શ્રી અબ્બાસભાઈ મેઘાણીનાં નેતૃત્વ હેઠળ યોજાએલ પરીસંવાદમાં ૩૫૦થી વધુ વિદ્યાર્થી ભાઈ-બહેનો જોડાયા હતા.



• નવજીવન સોસાયટી તથા શિશુવિહાર સંસ્થાની આરોગ્ય પ્રવૃત્તિ અંતર્ગત તા.૬ જુલાઈએ સાંજના અવર લેડી પિલાર ડિસ્પેન્સરી ખેડૂતવાસ ખાતે આરોગ્ય કેમ્પ યોજાયો. જેમાં નિષ્ણાંત ડોક્ટર દ્વારા આંખ તપાસ, લોહીમાં હિમોગ્લોબીન તપાસ અને ડૉ.અરવિંદભાઈ ત્રિવેદી દ્વારા જનરલ રોગોનું નિદાન કરી જરૂરીયાતમંદ ૬૫ દર્દીઓને દવા તથા ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત શિશુવિહાર સંસ્થામાં ચાલતા હોમિયોપેથિક ડૉ.અભિલાષા સોનપાલ તથા ફિઝીયોથેરાપી ડૉ.નેહાબેન ભટ્ટ દ્વારા તપાસ કરી માર્ગદર્શન તથા દવા આપવામાં આવી હતી. આ કાર્યક્રમનું સંકલન નવજીવન સોસાયટી હોસ્પિટલના સિસ્ટર શ્રી રોસાલિયાએ કર્યુ હતું.



• શિશુવિહાર ક્રીડાંગણ અને સ્કાઉટ તાલીમ સાથે જોડાએલ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન શ્રી જયેશભાઈ બગડીયા અને દિપકભાઈ બગડીયાના સંયોજનથી યોજાયું. તા. ૧૩ જુલાઈએ સંસ્થા પરીસરમા મળેલ પારિવારીક બેઠકમાં ઉપસ્થિત ૫૦

વિદ્યાર્થીઓએ જુનાં ગીતો ગાઈ સમૂહ ભોજનનો આનંદ લીધો હતો.



• વાસુકી કરાઓકે કલબના ઉપક્રમે શ્રી કીર્તિભાઈ સોલંકીના સંકલન તળે જૂના તથા નવા હિન્દી ફિલ્મીગીતોનો કાર્યક્રમ તા.૧૪ જુલાઈ એ સંસ્થા રંગમંચ પર યોજાઈ ગયો. આ કાર્યક્રમને આનંદ ભેર માણવા ૨૫૦ થી વધુ સંગીતપ્રેમીઓ ઉપસ્થિત રહયા હતા.



• શિશુવિહાર સંસ્થા દ્વારા મોળાકતનાં વ્રત નિમિત્તે બહેનો માટે તા.૧૭ થી ૨૧ જુલાઈ દરમ્યાન સંસ્થા પ્રાંગણમાં સાંજે ૪ થી ૭ સુધી આનંદ મેળાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં નાસ્તો, કટલેરીના સ્ટોલ, સેલ્ફી પોઈન્ટ, ગરબા અને ડાન્સ જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવેલ. ઉપરાંત ૧૦ થી ૧૮ વર્ષની બહેનો માટે મહેંદી, હેર સ્ટાઈલ તથા નેઈલ પેન્ટની હરીફાઈ યોજાએલ. આ પ્રસંગે ઉત્તમ દેખાવ કરનાર દીકરીઓને પુરસ્કૃત કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સંકલન શ્રી નેહાબહેન ભટ્ટએ કર્યુ હતું.



• ગુરૂપૂર્ણિમા નિમિત્તે પૂજ્ય સ્વામી ચિદાનંદજી મહારાજની પાદુકાનું પૂજન તા. ૨૧ જુલાઈએ શ્રી અખિલેશભાઈ પાઠકના સાનિધ્યમાં યોજાયું હતું. આ પ્રસંગે સંસ્થાના પૂર્વ કાર્યકર શ્રી અખિલેશભાઈ પાઠકનો ૭૫મો જન્મદિવસ ઉજવ્યો હતો.





• શ્રી પ્રમોદભાઈ વોરાનાં સંયોજનથી ૧૦૫ મો સાયકલ વિતરણ કાર્યક્રમ યોજાઈ ગયો. તા.૨૧ રવિવારે ડૉ.મૌલિકભાઈ પરીખ તથા શ્રી ગિરિશભાઈ શેઠ દ્વારા જરૂરીયાતમંદ ૩૦ વિદ્યાર્થીઓને સાયકલનું વિતરણ કરવામાં આવેલ.



• 'સૂર-સંગમ' સંસ્થાના ઉપક્રમે સપ્તસૂરી સંધ્યાનો ૮૪મો જૂનાં હિન્દી ફિલ્મીગીતોનો કાર્યક્રમ તા.૨૧ જુલાઈએ સંસ્થા રંગમંચ પર યોજાઈ ગયો. આ કાર્યક્રમને માણવા ૩૦૦ થી વધુ સંગીતપ્રેમીઓ ઉપસ્થિત રહયા હતા.



• શ્રી તપોધન બ્રહ્મ સમાજનાં તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા એક સમારોહ તા.૨૮ એ સંસ્થાનાં પ્રમુખ મંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ મળેલ. ભોજન સાથેના કાર્યક્રમમાં ૪૫૦ થી વધુ વિદ્યાર્થીઓ જોડાયા હતા.



• નટરાજ કલા સંસ્થાનો ૧૬૦ મો સંગીત સંધ્યા કાર્યક્રમ 'એક સાંજ આપની સાથે' યોજાઈ ગયો. શ્રી કેતનભાઈ આવસત્થીનાં નિદર્શનમાં તા.૨૮ રવિવારે પ્રસ્તુત થયેલ જૂનાં હિન્દી ફીલ્મનાં ગીતોને સાંભળવા ૪૦૦ શ્રોતાઓ પધાર્યા હતા.



• વિનોબા વિચારધારાનાં સુત્રધાર શ્રી રમેશભાઇ રાઠોડ, નરસિંહ મહેતા યુનિવર્સિટીનાં પૂર્વ કુલપતિ શ્રી ડૉ.મયાણી સાહેબ જી.સી.ઇ.આર.ટી.નાં પૂર્વ નિયામક ડૉ.નલિનભાઇ પંડિત તેમજ સફાઇ વિદ્યાલયનાં નિયામક શ્રી જયેશભાઇ પટેલ સંસ્થા મુલાકાતે પધાર્યા હતા. ૨૨ જુલાઇએ સંસ્થા પરીસરની મુલાકાતે આવેલ. મહેમાનો સાથે ગાંધી પ્રતિષ્ઠાનનાં અધ્યક્ષશ્રી એ ઉપસ્થિત રહી સંસ્થાનું અભિવાદન સ્વીકાર્યુ હતું.

## શુભેચ્છકો લખે છે

**• શ્રી નિમુબેન બાંભણિયા (મા.મંત્રીશ્રી : ભારત સરકાર)**

નગરપાલીકાની શાળાનાં ગરીબ બાળકોને શિક્ષક સહાય અને સતત ૧૬માં વરસે તમામ ૫૬ શાળાઓને ૧૦૦ પુસ્તક સહાયની ઉત્કૃષ્ટ સેવા માટે અભિનંદન. સંસદનું સત્ર ચાલુ હોવાને કારણે ઉપસ્થિત રહી શકાતુ નથી. તે માટે દિલગીરી વ્યકત કરું છું. કાર્યક્રમની સફળતા માટે શુભેચ્છા પાઠવું છું. તાલીમ ભવનની સુવિધા આપનાર શ્રી મુકેશભાઈને અભિનંદન, અને પૂજ્ય સ્વામીજીને હાર્દિક વંદન.

**• સ્વામી નિખિલેશ્વરાનંદજી મહારાજ (રામકૃષ્ણ આશ્રમ રાજકોટ)**

શિક્ષકોનું ઉત્તરદાયિત્વ એ શ્રેષ્ઠ વિચાર છે. મને આ વિચાર સાથે શિક્ષકો અને ઠાકુરના સેવકોને મળવાનો અવસર મળ્યો તે માટે આભાર. સ્વામી વિવેકાનંદજીનું વિશેષ કાર્ય ભાવનગરથી થાય તે ઈચ્છનીય રહેશે.



**• શ્રી મૂકેશભાઇ ઓઝા (મૂંબઈ)**

પૂજ્ય સ્વામીશ્રી નિખિલેશ્વરાનંદજીના વરદ હસ્તે મારૂ અભિવાદન આનંદપૂર્ણ રહ્યું. શિશુવિહારનાં વિદ્યાર્થી અને ભાવનગરનાં વતની તરીકે મારાથી શકય સેવા થતી રહે છે તેથી આનંદ છે. આભાર.

**• શ્રી કુસુમબહેન દવે (ન્યુયોર્ક)**

પૂજ્ય માનભાઈનાં શરુ કરેલા કામ અને તેમની મનગમતી સીવણ તાલીમ પ્રવૃત્તિને તનતોડ મહેનતથી વેગવંત બનાવી એ માટે અભિનંદન. સમાજ સેવાનું લક્ષ એટલે શિશુવિહાર, એ સમાજ સામે માત્ર બોલવાથીજ નહીં પણ લોકોને જીવન જીવવાની કેડી પર ચડાવી સ્વતંત્ર રીતે, સ્વમાન પૂર્વક જીવી શકે એ માટેનું આ કાર્ય ખરેખર અભિનંદનને પાત્ર છે.. શિશુવિહારનાં બધા જ સ્વજનોને ધન્યવાદ.

**• શ્રી કુલિનભાઇ ત્રિવેદી (મુંબઈ)**

નાનકભાઈ શિશુવિહાર જેવી સંસ્થાનું અપ્રતિમ સંચાલન આપશ્રી કરો છો અને સમાજોપયોગી અનેક કામો જરૂરીયાતમંદોને પહોંચાડવામાં આપણી સંસ્થા હંમેશા તત્પર હોય છે. તે માટે અભિનંદન. વિડીયો જોઈ થયું કે આવી દરેક સંસ્થાઓના કાર્ય ઘર ઘર સુધી પહોંચે એ ઉદ્દેશ્ય સ્વૈચ્છિક સંસ્થાઓએ અપનાવવો જોઈએ. આપ સૌ સમાજોપયોગી કાર્યકર્તાને સલામ.

**• ડૉ.નલિનભાઇ પંડિત (ભાવનગર)**

સ્કાઉટ ગાઈડ પ્રવૃત્તિ જીવનને સરળ અને આનંદી બનાવવા માટે છે. સ્કાઉટ ગાઈડ પ્રવૃત્તિ સહુને એક અને નેક બનાવવા માટે છે. સ્કાઉટ ગાઈડ પ્રવૃત્તિ સંસ્કૃતિના જતન માટે છે. સંસ્કારના લીંપણ માટે છે. સ્કાઉટ ગાઈડ પ્રવૃત્તિમાં રાષ્ટ્રપ્રેમ, કુટુંબપ્રેમ ભરીભરીને ભર્યો છે.

સ્કાઉટ ગાઈડ પ્રવૃત્તિમાં સ્કીલ ડેવલોપમેન્ટનો ભંડારો છે. ભાવનગર સ્કાઉટ ગાઈડ પ્રવૃત્તિના પ્રાણ ભાઈશ્રી અજયભાઈ તથા દર્શનાબહેન સમર્પિત છે. દરેકે દરેક અવસરને સ્કાઉટ ગાઈડ પ્રવૃત્તિ સાથે વણી લેવામાં અનેરી સૂઝ ધરાવે છે. શિશુવિહાર પણ ન્યારું છે. હરેશભાઈ અને તેની ટીમનું સમર્પણ અને સેવા ખુશબુદાર છે. ભાવનગરની ઓળખમાં સ્કાઉટ ગાઈડ એક અનેરી ખૂશબુ છે. સ્કાઉટ સેવામાં જોડાયેલી દરેક સંસ્થા અને ગુરુજીઓને સો સો સલામ. ભાવનગર મહારાજા સાહેબ અને દીવાન સાહેબ, માનભાઈ ભટ્ટને વંદન. ગુજરાત, સ્કાઉટ ગાઈડનું મૂલ્ય જેટલું વહેલું સમજે તેમાં કેળવણીનું કલ્યાણ છે. કેળવણીનું કલ્યાણ એટલે સમાજનું કલ્યાણ.

**• શ્રી ઉજ્જવલ ધોળકિયા (વડોદરા)**

શિશુવિહાર ક્રિડાંગણની સાંજની પ્રાર્થનામાં એક ધૂન ગવાતી ‘ગુરુજીના નામની હો માળા છે ડોકમાં’. અને આ કડી પછી જીવનમાં સદ વર્તનની વાત ગીતોમાં વણી લેવાતી. આજે પણ ગૌરવથી કહી શકું છું કે બાળપણમાં ક્રીડાંગણમાં ગવાતું ગીત શબ્દસહ જીવવા પ્રામાણિક સાધના ચાલતી રહી છે. કેવી અદ્‌ભૂત તાલીમ હતી. વંદન.

**• શ્રી જ્યોતિભાઇ ત્રિવેદી (પૂના)**

૧૭૦૦ ગરીબ બાળકોને શૈક્ષણિક સહાય પહોંચાડવાનો ઉપક્રમ અને તે પણ ૧૪ વર્ષથી પ્રાથમિક શાળાઓનાં બાળ પુસ્તકાલયમાં પ્રતિવર્ષ ૧૦૦ બાળ પુસ્તકો ઉમેરવાનો સેવાયજ્ઞ અપ્રતિમ છે. મારી પાસે આ બધા કામોને બિરદાવવા કોઈ શબ્દો નથી. પ્રભુની કૃપા આમ જ શિશુવિહાર અને તમારા ઉપર વરસતી રહે એ જ શુભેચ્છા અને પ્રાર્થના.

**• શ્રી દલપતભાઇ પઢિયાર (લોકનિકેતન)**

ગ્રીષ્મ તાલીમ વર્ગનું અદ્‌ભુત કાર્ય માથું નમી જાય તેવું પવિત્ર છે. આ કાર્યક્રમથી બાળકોનું જીવન ઘડતર થાય છે. ધન્યવાદ.

**• શ્રી દાન વાઘેલા (કારોબારી સભ્ય-ગુજરાત સાહિત્ય પરિષદ)**

શિશુવિહાર અને બુધસભા પરિવાર સહર્ષ ઉમકાળથી અભિનંદન પાઠવે છે તો ધન્ય ધન્ય થયાનું અનુભવાય છે. જે પ્રથમ ક્રમે હું સ્વીકારું છું. કારણકે ભાવનગરના દિવંગત કવિ મ.ગો.ઉલ્કાનો એક શેઅર.. મારી ગલીમાં કોઈ મને ઓળખે નહી!!! તારી ગલીમાં ભાવ મારો કોણ પૂછશે. એથી જ મિત્રો ઘર સંસ્થા પરિવારના અભિનંદન સ્વીકારીને ગૌરવ અનુભવાય છે. ભાવેણું જ ભર્યું ભાદર્યું લાગે છે. નરસિંહ મહેતા જેમ ગવાય જાય છે કે મારું વૃંદાવન છે રૂડું હું.....

**• શ્રી પ્રફુલભાઇ શાહ (અમદાવાદ)**

શિશુવિહાર સામયિક વાચું છું. ગરીબ બાળકોના વિકાસ માટેના કાર્યો સરાહનીય છે. અભિનંદન. આ સાથે મારા પત્નીની પુણ્ય સ્મૃતિમાં કાયમી રીતે બાળકોને પોષક આહાર મળતો રહે તેવી શુભેચ્છાથી સહયોગ જોડું છું. જે સ્વીકારવા વિનંતી.

**• ડૉ.દેવીન્દ્રાબહેન શાહ**

પૂજ્ય માનભાઈની પ્રેરણાથી મે ભાવનગર યુનિવર્સિટીમાં શરીર વિજ્ઞાન વિષયમાં ઉત્તમ દેખાવ કરનાર વિદ્યાર્થીઓનાં પ્રોત્સાહન અર્થે સ્કોલરશીપ ફંડ આપેલ છે. યુનિવર્સિટી પણ આ અંગે કાળજી રાખી વર્ષમાં એક કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરે છે તેનો આનંદ છે.



**• શ્રી તુષાર દિનકરરાય ભટ્ટ (ભાવનગર)**

શિશુવિહાર સંસ્થાને સને ૧૯૯૪-૯૫ થી જાણું છું. તેમાં નવલકથા- જ્યોતિષ સાહિત્યનો વિપુલ ખજાનો પુસ્તકરૂપે જોઈને મારી વાચન ભૂખ સંતોષી છે. જેનું ઋણ આજીવન ચુકવી શકાય તેમ નથી પુ.માનદાદાના સમયમાં પાસેની સ્કૂલમાં શિક્ષક તરીકે નોકરી કરતા આ સંસ્થાનો પરિચય થયો. અને પુસ્તકાલય સાથે જોડાયો. આજે પણ ઘણી નવલકથાઓ અને સાહિત્યનાં પુસ્તકો જે આજે બજારમાં ઉપલબ્ધ નથી તે અહીંથી વાંચવા મળે છે. ગ્રંથપાલ તરીકે મંગલસિંહભાઈ પરમાર આ બાબતે સારો એવો સહકાર આપે છે! તેનું ઋણ પણ મારે એક વાચક તરીકે રહેશે.

**• શ્રી દિપકભાઇ બગડીયા (મુંબઈ)**

તાજેતરમાં શિશુવિહારમાં શાળા અને સ્કાઉટનાં ૫૦ થી ૫૨ વર્ષ જૂનાં વિદ્યાર્થીઓનો એક મેળાવડો (સ્નેહ-સંમેલન) તા.૧૩ શનિવારે સાંજે યોજાએલ. વરિષ્ઠ વિદ્યાર્થીઓ પોતાનાં જીવનસાથી સાથે છેક નાસીક, સુરત, મુંબઈ, રાજકોટ, ગાંધીનગર તેમજ સુરેન્દ્રનગરથી ખાસ પોતાનાં જૂનાં ક્લાસમેટસને મળવા, માતૃસંસ્થાની ભૂમિને સ્પર્શવા તેમજ સંસ્થાનાં સંચાલકો જેમનાં દ્વારા ૫૦ વર્ષ પહેલાં શિક્ષા-માર્ગદર્શન અને સ્નેહ પ્રાપ્ત કરેલ તેને મળવા આવ્યા હતા. દરેક વિદ્યાર્થી પોતપોતાનાં ક્ષેત્રમાં ઉચ્ચસ્તરે પહોંચીને પણ સંસ્થાને ભુલ્યો નથી તે ખાતરી કરાવી જેમાં ડૉક્ટર, પ્રોફેસર, વકીલ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, એન્જીનીયર, ઉદ્યોગપતિઓ હતા. પોતાની યુવાની - બાળપણની સ્મૃતિમાં સૌ સરકી ગયા અને ફરી યુવાન બની કૂદયા- નાચ્યાં- ગીતો ગાયાં. સાથે સમૂહભોજન કરી મોડી રાત્રે છૂટા પડયાં. હાજર રહેલ દરેકે પોતાની ક્ષમતા મુજબ સંસ્થાનાં ઋણનાં અલ્પભાગ રૂપે સહાય રકમ આપી ખુશી વ્યક્ત કરી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે પુ.ઈન્દાબહેન તથા શ્રી નાનકભાઈ ભટ્ટનો આ ગ્રુપ આભાર વ્યક્ત કરે છે.

**• શ્રી અસ્માબહેન કાલ્વા (ભાવનગર)**

મને ડોકની નસ દબાવવાથી બંને હાથમાં દુખાવો થતો હતો. એના લીધે ઘરકામ કરવાની તકલીફ થતાં આર્થોપેડીક ડોક્ટરને બતાવેલ. એમની સલાહ મુજબ ફીઝીયોથેરાપીની ટ્રીટમેન્ટની શરૂઆત કરી. જે બે મહીનાથી શરૂ કરેલ છે. રાત્રે સુવામાં પણ તકલીફ થતી. ઓશીકું લઈને સુઇ ન શકતા હવે મને તકલીફમાં ઘણો સુધારો છે. શિશુવિહારમાં ફીઝીયોથેરાપી ટ્રીટમેન્ટની સારવાર બાદ આ બધી જ તકલીફમાં ઘણો જ સુધારો છે.

**• શ્રી જોહરભાઈ એસ. કાચવાલા (ભાવનગર)**

મને પગની એડીના દુખાવાને લીધે ચાલવામાં તકલીફ રહેતી અને લાંબા સમય માટે ઉભા રહી ન શકતા ડૉ.નરેન્દ્ર મિશ્રા સાહેબની સૂચના મુજબ શિશુવિહારમાં ફીઝીયોથેરાપી ટ્રીટમેન્ટ આવવાથી ઘણો જ ફેર થયો છે. ટ્રીટમેન્ટ ૨૦ દિવસ લીધેલ. પરંતુ મને નવું જીવન મળ્યું હોય તેમ લાગે છે.

**• શ્રી વિદ્યાબેન જોષી (તાલીમાર્થી સીવણ વર્ગ)**

હું શિશુવિહારનાં સીવણવર્ગમાં અભ્યાસ કરી રહી છું. સીવણની તાલીમથી મને વ્યાવસાયિક ધોરણે સીવતા આવડી ગયું છે. સીવણ શિક્ષક શ્રી ગુલાબબા પણ બધી વિદ્યાર્થીની પર વ્યક્તિગત ધ્યાન આપે છે. અને અમને અત્યારની લેટેસ્ટ ફેશન પ્રમાણે રોજ નવું-નવું શીખવે છે. વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની વિશેષ તાલીમ શ્રી પ્રિતીબહેન દ્વારા આપવામાં આવે છે. અને નજીકના દિવસોમાં આવનારી અમારી ગર્વમેન્ટ પરીક્ષાની પણ સંપૂર્ણ સમજણ સાથે તાલીમ આપે છે. સીવણની તાલીમથી પરિવારને પણ આર્થિક રીતે મદદરૂપ થઈ શકીએ છીએ.

**• શ્રી ઋતુ સંદીપભાઈ ગૌસ્વામી (તાલીમાર્થી-સીવણ વર્ગ)**

શિશુવિહાર સંસ્થામાં મે સીવણવર્ગની તાલીમ લીધેલ છે. સીવણ અંગેની તાલીમ સરસ રીતે આપવામાં આવે છે. અમારા શિક્ષક શ્રી ગુલાબબા પદ્ધતિસર શીખવાડે છે. જેથી સીવણ શીખવામાં સરળતા રહે છે. અમારા શિક્ષકે સીવણના ૧૬ નમૂના તૈયાર કરાવ્યા છે. મને બધું જ સીવતા આવડી ગયું છે. જેના લીધે આજે હું સીવણની પરીક્ષા આપી રહી છું. મને સીવણની તાલીમ આપનાર શિશુવિહાર સંસ્થાની આભારી છું.

## : સાભાર સ્વિકાર :

- શ્રી મિતુલભાઈ દેસાઈ તરફથી પ્લાસ્ટિક મુક્ત ભારત અભિયાનમાં સહાયભૂત થતાં ૩ ગાસડી વેસ્ટ કાપડ મોકલેલ છે. જેનાથી સીવણ તાલીમાર્થી બહેનો કાપડની થેલી તૈયાર કરી રહી છે. આઝાદીના અમૃતકાળે શિશુવિહારથી ૨ લાખ કાપડની થેલી તૈયાર કરી સમાજ વચ્ચે મુકનાર બહેનો અને દાતાશ્રીને અભિનંદન.
- ભાવનગરના જાણીતા સર્જક શ્રી અજયભાઈ ચૌહાણને શિશુવિહાર દ્વારા ૩૦૦ થી વધુ હસ્ત ઉદ્યોગ તથા ચિત્ર વિષયનાં પુસ્તકો ભેટ સ્વરૂપે અપાયા છે. આશા છે કે આ પુસ્તકોનો સદ્ઉપયોગ વિદ્યાર્થીની તાલીમમાં થશે.

REGN.No.BVHO/46/2022-2024 • RENEWED UPTO Dt.31/12/2024
RNI REGISTRATION No. GUJGUJ/2009/30760
Posted at Bhavnagar RMS 17th Every Month

સંસ્થાને અપાતી આર્થિક સહાય 80-G(5) નીચે કરમુક્ત છે,
12A: 01- sub Clause (i) of clause (ac) of sub-section (1) of section 12A Dated 24/9/2021
80-G: 11-Clause (i) of first proviso to sub-section (5) of section 80G Dated 24/9/2021
PAN No.: AACTS4389Q
CSR Regi. No.: CSR00015366 Dated 27/9/2021
બેંકની વિગતો
નામ: '**શિશુવિહાર**'
SBI નેટબેન્કિંગ અકાઉન્ટ નંબર: 32899173982
IFS Code: SBIN0060009
UPI ID : SHISHUVIHAR@SBI

SCAN & PAY
UPI QR CODE

જો આપ UPI ID અથવા QR કોડ સ્કેન કરીને સહાય મોકલી રહ્યા છો તો આપનું નામ, **PAN** નંબર, સરનામું તથા મોબાઈલ નંબર શિશુવિહારના Mo.7043332100 ઉપર મોકલી આપવા વિનંતી છે.

Shishuvihar Bhavnagar  
Shishuvihar Bhavnagar  
Shishuvihar  
Shishuvihar

**પરામર્શ સમિતિ :** સર્વશ્રી ઇન્દિરાબેન ભટ્ટ, અનિલભાઈ બોરીચા, સૃષ્ટિબેન સોલંકી, દક્ષાબેન ગોહેલ, ભાવનાબેન પંડ્યા, હિનાબેન ભટ્ટ, રાજુભાઈ મકવાણા

To. ______________________

PRINTED, PUBLISHED AND EDITED BY DR. NANAKBHAI M. BHATT ON BEHALF OF SHISHUVIHAR PUBLISHED AT SHISHUVIHAR, NORTH KRISHNANAGAR, BHAVNAGAR ( GUJARAT ) AND PRITNED AT SUMEET PRINTERS, NEAR D.S.P. OFFICE, BEHIND MANUBHAI GATHIYAWALA, NAVAPARA ROAD, BHAVNAGAR, 364001. ( GUJARAT ) INDIA MOBILE : +91 9924986199